## આવતીકાલનો ઉજાસ



દીપેન મોરડીયા
ધોરણ-૯
સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ

દીપેન અભ્યાસની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓમાં પણ વિશિષ્ટ રૂચિ ધરાવે છે. તેણે વન દિન નિમિત્તે યોજાયેલ ક્વિઝમાં દ્વિતિય ક્રમ પર આવી પુરસ્કાર મેળવ્યો હતો. અભ્યાસમાં બીજા વિષયો કરતાં વિજ્ઞાનમાં વિશેષ રૂચિ ધરાવનાર દીપેન વાચનનો ઊંડો શૉખ ધરાવે છે.

# રાજ્યની વિવિધ સ્પોર્ટ્સ હોસ્ટેલમાં રમતવીરોએ ૨૩મી સુધીમાં અરજી મોકલવી

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના નિયંત્રમ હેઠળની સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત હસ્તકની નડિયાદ, ભાવનગર, પોરબંદર, લીંબડી અને દેવગઢબારીયા ખાતેની સ્પોર્ટસ હોસ્ટેલમાં ખેલાડીઓને પ્રવેશ આપવામાં ।વનાર છે. રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં છેલ્લા ૫ વર્ષ દરમિયાન ભાગ લીધો હોય - વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તેવા શાળામાં અભ્યાસ કરતાં ખેલાડીઓની કસોટીઓ લઈને પ્રવેશ આપવામાં આવશે.

સ્પોર્ટસ હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ખેલાડીઓએ નિયત અરજીપત્રક, સેક્ટર-૨૧, ગાંધીનગર સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ખાતેથી મેળવી કુસ્તી (ભાઈઓ), એથલેટીક્સ (ભાઈઓ, બહેનો), કબડ્ડી (ભાઈઓ)ની રમતના ખેલાડીઓએ સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જિ. ખેડા, મરીડા ભાગોળ, ભૈરવનાથ મંદિરની સામે, નડિયાદ, જિ. ખેડાની કચેરીમાં ૨૩મી મે સુધી અરજી આપી દેવા જણાવાયું છે. બાસ્કેટબોલ, હેન્ડબોલ (ભાઈઓ)ની રમતના ખેલાડીઓએ સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, બહુમાળી બિલ્ડીંગ, બ્લોક નં. એસ.-૧૮/૧, ભાવનગર, ક્રિકેટ (ભાઈઓ)ના ખેલાડીઓએ સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, દુલીપ સ્કૂલ ઓફ ક્રિકેટ, સ્ટેશન રોડ, પોરબંદર, ખો-ખો (ભાઈઓ), વોલીબોલ અને કબડ્ડી (ભાઈઓ)ના ખેલાડીઓએ સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સ્પોર્ટસ હોસ્ટલ કમ સ્પોર્ટસ કોમ્પલેક્ષ, સૌરાષ્ટ્ર કો.ઓ. સ્પીનીંગ મીલ સામે, લીંબડી, જિ. સુરેન્દ્રનગર તથા આચરી (ભાઈઓ-બહેનો)ના ખેલાડીઓએ સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, શ્રી જયદીપસિંહજી રમત સંકુલ, દેવગઢ બારીયા, જિ. દાહોદની કચેરીને ૨૩મી મે-૨૦૧૨ સુધીમાં મોકલી આપવા જણાવ્યું છે.

વોલીબોલ, કબડ્ડી (ભાઈઓ) અને આર્ચરી ભાઈઓ-બહેનોએ રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો હોય કે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તેમના માટે ગત વર્ષે ગુજરાત સરકાર દ્વારા નિવાસી એક્સલન્સ યોજના મુકવામાં આવી છે. જેમાં ખેલાડીઓને તાલીમ, ભોજન, સ્ટાઈપેન્ડ, ગણવેશ, વીમાની સુવિધા, સાધનો વિના મુલ્યે પુરા પાડવામાં આવશે. આ અંગેની વધુ વિગતો www.sucd.gujarat.gov.in પરથી મળી શકશે.

# વિદ્યાસહાયકોની નિમણૂંકો અંગે લાયકાત ફેરફાર થયા

### ધોરણ ૧૨માં વિજ્ઞાન પ્રવાહ સાથે ઉતીર્ણ થયેલા પીટીસી તાલીમાર્થી માટે ૧૦ ટકા સીટ અનામત રાખવામા આવશે

ગાંધીનગર, તા.૧૮

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ મુજબ જિલ્લા શિક્ષણ સમિતિ અને નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક અંગેની શૈક્ષણિક લાયકાતમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

જેમાં શૈક્ષણિક લાયકાતમાં ઓછામાં ઓછી એચ.એસ.સી., તેમજ તાલીમી લાયકાતમાં પીટીસી રહેશે. તેમજ જે તે જિલ્લાની વિદ્યાસહાયકોની જગ્યાઓ એચએસસી/પીટીસી લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરવાની રહેશે તે પૈકી ૧૦ ટકા જગ્યાઓ એચએસસી (વિજ્ઞાન પ્રવાહ)માં ૪૫ ટકા ગુણ સાથે પાસ થયેલ ઉમેદવારોની રહેશે અને જો વિજ્ઞાન પ્રવાહ સાથે એચએસસી થયેલ ઉમેદવારો પુરતી સંખ્યામાં ઉપલબ્ધ ન થાય તો બાકી રહેતી જગ્યાઓ વિજ્ઞાન પ્રવાહ સિવાયના એચએસસી/પીટીસીના ઉમેદવારોથી ભરવાની રહેર્શે બીએસસી પછી ગણિત, આંકડાશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, બાયોલોજી, બોટની, ઝુઓલોજી અને ભુસ્તર વિજ્ઞાન પૈકી કોઈપણ એક અથવા વધારે મુખ્ય વિષયનો તેમજ શૈક્ષણિક લાયકાતમાં જ્યાં જ્યાં બીએ/બીએસસી છે ત્યાં બીએ, બીઆરએસ પછી બીએસસી તેમજ ગુણાંકન નીચે જ્યાં બીએ, બીઆરએસ, એમએ, એમઆરએસ લખાયેલ છે તે પછી બીએસએસસી ઉમેરવામાં આવ્યું છે. વધુમાં જ્યાં બીએ, બીઆરએસ (ઈતિહાસ) ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર વિષય સાથે તથા બીકોમ લખાયેલ છે તે પછી બીએસએસસીનો ઉમેરો કરાયો છે તેમજ ગુણાંકન નીચે જ્યાં બીએ બીઆરએસ (ઈતિહાસ, ભૂગોળ, નાગરિક શાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર) તથા અર્થશાસ્ત્ર તથા એમકોમ (અર્થશાસ્ત્ર) લખાયેલ છે તે પછી બીએસએસસી ઉમેરવામાં આવ્યું છે.

## જાણવા જેવું

- ટાઈમ મૅગેઝીનની વિશ્વમાં અઢી કરોડ નકલનું વેચાણ છે. છેલ્લાં ૯૦ વર્ષના ઈતિહાસમાં આ મૅગેઝીનના મુખપૃષ્ઠ ઉપર માત્ર ૭ (મહાત્મા ગાંધી, સરદાર પટેલ, સુભાષબાબુ, જવાહરલાલ નેહરૂ, લાલ બહાદુર શાસ્ત્રી, ઈન્દિરા ગાંધી અને નરેન્દ્રભાઈ મોદી) ૭ જ ભારતીય સૅલિબ્રીટીઝની તસવીરો છપાઈ છે.
- સચિન તેન્દુલકરે ટેસ્ટ અને વન ડેમાં કુલ મળી ૩૩૯૦૬ રન કર્યા છે. કુલ ૧૬૧ અર્ધશતક અને ૧૦૦ સદીઓ નોંધાવી છે.
- કેળ - એ વૃક્ષ નતી, છોડ છે. આ છોડ ઉપર માત્ર એક જ વખત કેળાં બેસે છે, મતલબ કે એક જ વખત ફળે છે.
- ચીલીમાં એન્ડીસ પર્વત પાસે આવેલ એટાકામા રણના સ્થળે છેલ્લાં ચારસો વર્ષથી એક ટીપું પણ વરસાદ પડ્યો નથી.
- એલિશાગ્રેવ્સ ઓટીસે ઈસ ૧૮૫૧માં લિફ્ટની શોધ કરી હતી.
- અખબારની વાત કરીએ તો જર્મનીનું બિલ્ડ નામનું અખબાર છેલ્લાં ૨૮ વર્ષથી સતત એક જ દિવસની ચાલીસ લાખ નકલોના વેચાણ સાથે સૌથી વધુ વેચાણ ધરાવતું એકમાત્ર અખબાર છે.
- વિશ્વની સૌથી વધુ લોકપ્રિય સોશ્યલ વેબસાઈટ ટ્વીટર પાસે ૩૦ કરોડ યુઝર્સ છે.
- ઈસ ૧૬૩૨માં બનેલ તાજમહેલમાં ગુજરાતના ખંભાતનો અકીક પથ્થર પણ વપરાયેલો છે. આજની તારીખે પણ ખંભાતમાં અકીકનું વાર્ષિક ટર્નઓવર રૂપિયા પંદર કરોડ જેટલું છે.
- માણસ ચોવીસ કલાકમાં જે પ્રાણવાયુ ગ્રહણ કરે છે તેનતા કુલ વીસ ટકા આપણું મગજ વપરાશમાં લઈ લે છે.
- લેહમાં આવેલું ઑલ ઈન્ડિયા રેડિયોનું સ્ટેશન વિશ્વમાં સૌથી ઊંચાઈ ઉપર આવેલું રેડિયો સ્ટેશન છે.
- ચશ્માંની શોધ ઈંગ્લેન્ડના માર્શલે ઈસ ૧૬૯૦માં કરી હતી.
- ૧૯૯૭માં રજૂ થયેલ ટાઈટેનિક ફિલ્મે ૮૬૪ અબજ રૂપિયાની કમાણી કરી હતી.
- શૅમ્પેઈન-વાઈન પેરિસથી ૧૦૦ માઈલ દૂર શૅમ્પેઈન શહેરમાં લાલ દ્રાક્ષમાંથી બને છે, જેની ૭૫૦ ઍમએલની બૉટલની કિંમત રૂપિયા ૩ હજાર છે.
- સૌથી વધુ ઝડપે ઊંચાઈમાં વધતું વૃક્ષ વાંસ છે, જે ઘણી વખત તો એક દિવસમાં એક ફૂટ જેટલું વધે છે.
- ગાંધીનગરનું અક્ષરધામ ૧૯૯૨માં તૈયાર થયું, જે ૧૦૮ ફૂટ ઊંચું, ૨૪૦ ફૂટ લાંબું અને ૧૩૧ ફૂટ પહોળું છે. તેનું ઉદ્‌ઘાટન ૩૧ ઑક્ટોબર, ૧૯૯૨ના રોજ કરવામાં આવ્યું હતું.



- સમગ્ર વિશ્વમાં રામ મંદિરનું સૌથી ઊંચું શિખર ૨૭૦ ફૂટનું છે, જે બિહારમાં વૈશાલી જિલ્લાના અંગકોરવાટમાં સ્થિત છે. આ મંદિરની પહોળાઈ ૩૬૦ ફૂટ અને લંબાઈ પણ ૩૬૦ ફૂટ છે. અહીં શ્રીરામની ૭૨ ફૂટ ઊંચી પ્રતીમા મૂકવામાં આવનાર છે.
- અમદાવાદનું માણેક ચૉક છેલ્લાં ૪૦૦ વર્ષથી એકધારા નાસ્તા માટે પ્રખ્યાત છે. અહીં સામાન્ય પાણીપુરીવાળાનું એક રાતનું કાઉન્ટર રૂપિયા પંદર હજારનું થાય છે. રાત્રિના ૧૦થી સવારના ૩ સુધી અહીં ખાણી-પીણી બજાર ધમધમે છે.
- તા. ૧-૪-૨૦૧૨ ને રવિવારના રોજ રામનવમીના દિવસે આપણા દેશમાં સામુહિક રીતે સાંજે ૭ કલાકે એકસાથે સવા કરોડ હનુમાન ચાલીસાનો પાઠ વિશ્વ વિક્રમ બની રહ્યો હતો.
- સમગ્ર વિશ્વનો સૌથી લાંબો સાપ ૪૮ ફૂટનો છે, એમ નૅશનલ જિઓગ્રાફિક ચૅનલે દર્શાવ્યું છે.
- સૂર્યથી પાંચ હજાર અબજ કિમી દૂર ઓપિકઉર્ટ સેન્ટર ધૂમકેતુનું ઉત્પાદક સ્થળ છે, જ્યાં ૬ હજાર અબજ ધૂમકેતુઓ છે.

- સંકલન : પી એમ પરમાર 'દર્શન'

## કલા ગૂર્જરી સંસ્થાના સભ્યપદ માટેના ફોર્મ મળશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાં કલા અને સંસ્કૃતિની ધરોહરને સુંદર કાર્યક્રમો દ્વારા રજૂ કરી વિશિષ્ટ નામના અને પ્રતિષ્ઠા ઉભી કરનારા કલા ગૂર્જરી સંસ્થાના વર્ષ ૨૦૧૨-૧૩ના સભ્ય પદ માટેના ફોર્મની વહેંચણી શરૂ થઈ ગઈ છે. જે ઉત્સાહીજનો સભ્ય પદ મેળવવા માંગતા હોય તેઓએ સંસ્થાનો સંપર્ક કરવો.

કલા-સાંસ્કૃતિક ક્ષેત્રે પ્રવૃત્ત પાટનગરની જાણીતી સંસ્થા 'કલાગુર્જરી' નવા વર્ષે પણ લોકભોગ્ય અને અવનવા સાંસ્કૃતિક કાર્યક્રમોની રસલ્હાણ ગાંધીનગરના સુજ્ઞ કલા રસિકોને કરાવવા પ્રતિબધ્ધ છે. જૂન ૨૦૧૨ના પ્રથમ અઠવાડીયાથી શરૂ કરીને વૈવિધ્યપૂર્ણ ઉત્કૃષ્ટ અને એક એકથી ચઢીયાતી કલા સાંસ્કૃતિક વાનગીઓનો રસથાળ માર્ચ ૨૦૧૩ સુધી સૌ કૃતજ્ઞ કલા રસિકોને પહોંચાડી શકાય એ માટે 'કલાગુર્જરી'નું સભ્યપદ જો ન મેળવ્યું હોય તો જય પ્રકાશ ભટ્ટ (૯૮૨૪૩૦૩૦૧૦) ભાવિન પટેલ (૯૮૭૯૦૫૭૫૫૬) જયરાજસિંહ સરવૈયા (૯૮૨૫૨ ૫૩૯૩૩) નિરેન બ્રહ્મભટ્ટ (૯૮૭૯૯ ૫૫૦૩૫) મનોજ જોષી (૯૮૨૫૪ ૪૭૭૩૩) અથવા અન્ય કારોબારી સભ્યોનો સંપર્ક કરીને તા. ૩૧ મે ૨૦૧૨ સુધીમાં મેળવી લેવા સંસ્થાના પ્રમુખ એન.પી. પટેલે જણાવ્યું છે.

# આજે ગાંધીનગરમાં છઠ્ઠી ફોટોવોક યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

બૅરફૂટ ફોટોવૉકર્સ નામથી જાણીતા નગરના પહેલવહેલા ફોટોવૉકર્સ પોતાની છઠ્ઠી ફોટોવૉક આવતીકાલે એટલે કે શનિવાર, તા. ૧૯ મે ના રોજ યોજી રહ્યા છે.

પોતાની શરૂઆતથી જ આ ફોટોવૉકર્સ 'દેખાતું છતાં અજાણ્યું' એ થીમ પર ફોટોગ્રાફી કરી રહ્યા છે. એ જ ક્રમમાં તેમણે નગરજનો માટે ઉપયોગી વિષયોના ફોટોગ્રાફ્સ એકત્ર કરવાનો પણ નિર્ણય કર્યો છે, જે અંતર્ગત પબ્લિક ટ્રાન્સપૉર્ટેશન, રાજ્ય સ્થાપના દિવસની ઉજવણી અને અખબાર વિતરણની કામગીરી તથા નગરમાં ઉનાળા દરમ્યાન મ્હોરતી પ્રકૃતિના ફોટોગ્રાફ્સ આ ફોટોવૉકર્સ દ્વારા એકત્ર કરવામાં આવ્યા છે.

હવે શનિવારે ફોટોવૉકર્સ દ્વારા જૂના સચિવાલય પાસે સ્થિત મીના બજારમાં ફોટોગ્રાફી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આલોક બ્રહ્મભટ્ટના નેતૃત્વમાં યોજાનારી આ ફોટોવૉકમાં કોઈપણ ફોટોરસિક જોડાઈ શકે છે. ફોટોગ્રાફીને લગતી વિવિધ ટેકનીક્સ, ઍંગલ તથા અન્ય જરૂરી બાબતોની ચર્ચા પણ આ ફોટોવૉક દરમ્યાન કરવામાં આવશે.

શનિવારે સાંજે ૪.૧૫ કલાકે પાંચ નંબરના રોડ ઉપર સ્થિત જૂના સચિવાલયના બસ સ્ટેન્ડ ખાતે ફોટવૉકર્સ ઍકત્ર થશે અને પછી મીના બજારની ફોટોગ્રાફી કરવા મીના બજારમાં દાખલ થશે. આ અંગેની વધુ માહિતી માટે ફેસબૂક ઉપર બૅરફૂટ ફોટોવૉકર્સના ગૃપની મુલાકાત લેવા જણાવાયું છે.

# અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કારકિર્દી માટે રૂ. ૫ લાખની લોન અપાશે

ગાંધીનગર, તા.૧૮

રાજયના આદિજાતિ વ્યક્તિઓના આર્થિક અને સામાજિક ઉત્થાન માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. જેના ભાગરૂપે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કારકિર્દી માટે રૂા. ૫.૦૦ લાખની લોન ૬ ટકાના હળવા વ્યાજના દરે ધિરાણ આપવાની નવી યોજના અમલી બનાવી છે એમ ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનની યાદમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર આદિજાતિ લોકોના ઉત્થાન માટે વિવિધ યોજના હેઠળ લોન આપવામાં આવે છે. રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ નાણાં અને વિકાસ નિગમ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩થી અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને વ્યવસાયિક, ટેકનિકલ તેમજ પી.એચ.ડી.ના અભ્યાસક્રમો માટે હળવા વ્યાજના દરે ધિરાણ આપવામાં આવશે. જેમાં ગરીબી રેખાની મર્યાદાથી બમણી આવક ધરાવતા અનુસૂચિત જનજાતિ કુટુંબના એક વિદ્યાર્થીને આ લોનનો લાભ મળી શકશે. જેમાં મહત્તમ રૂા. ૫.૦૦ લાખ સુધીની લોન ૬ ટકાના વ્યાજના દરે મળશે.

ધિરાણની રકમમાં વિદ્યાર્થીઓની સંસ્થા/કોલેજની પ્રવેશફી, પરીક્ષા ફી, લાયબ્રેરી ફી, લેબોરેટરી ફી, ટ્યુશન, લોજીંગ, બોર્ડીંગ ફી ઉપરાંત અભ્યાસ સંલગ્ન મુસાફરી ખર્ચ, બુક-સ્ટેશનરી, કોમ્પ્યુટર ઈક્વીપમેન્ટ, ઈન્સ્ટ્રુમેન્ટ, પ્રોજેક્ટ, થીસીઝ વિગેરે ખર્ચની રકમનો સમાવેશ સાથે લોન ધિરાણ મળી શકશે.

આ લોનની પુનઃ ચકાસણી વિદ્યાર્થીનો અભ્યાસનો સમયગાળો પૂર્ણ થયા બાદ એકવર્ષ પછી અથવા નોકરી મળ્યાના છ માસ બાદ બંનેમાંથી જે પહેલું હશે ત્યારથી શરૂ થશે. આવા વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ સ્વરોજગારી માટે આવક સર્જન પ્રવૃત્તિ માટે પણ અલગ લોન આપવાની જોગવાઈ કરાઈ છે.

આ અંગેની વધુ માહિતી એન.એસ.એફ.ટી.ડી.ની વેબસાઈટ www.nsftdc.nic.in ઉપરથી તેમજ જી.ટી.ડી.સી., ગાંધીનગરની કચેરી ઉપરાંત પ્રયોજના અધિકારીની કચેરી તેમજ જે તે જિલ્લા તકેદારી અધિકારી(આદિજાતિ કલ્યાણ)ની કચેરીએથી ઉપલબ્ધ થશે.

# સ્પોર્ટ્સ હોસ્ટેલમાં ખેલાડીઓ પ્રવેશ માટે અરજી મંગાવાઈ

### અરજી કરવાની છેલ્લી તારીખ ૨૩ મે, ૨૦૧૨

ગાંધીનગર, તા.૧૮

રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળની સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત હસ્તકની નડિયાદ, ભાવનગર, પોરબંદર, લિંબડી અને દેવગઢબારીયા ખાતેની સ્પોર્ટસ હોસ્ટેલ માં ખેલાડીઓને પ્રવેશ આપવામાં આવનાર છે. જેમાં રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં છેલ્લા ૫ વર્ષ દરમિયાન ભાગ લીધેલ/વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલ હોય તેવા શાળામાં અભ્યાસ કરતા ખેલાડીઓની પ્રવેશ પરીક્ષા લઈ પ્રવેશ આપવામાં આવશે.

ભાઈઓ/બહેનોએ રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં ભાગ લીધેલ/વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલ હોય તેમના માટે ગતવર્ષે ગુજરાત સરકાર દ્વારા નિવાસી એક્સલન્સ(વિશિષ્ટ)યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં ખેલાડીઓને તાલીમ, ભોજન, સ્ટાઈપેન્ડ, ગણવેશ, વીમાની સુવિધા અને સાધનો વિનામૂલ્યે પુરા પાડવામાં આવશે.

સ્પોર્ટસ હોસ્ટેલમાં પ્રવેશ ઈચ્છુક ખેલાડીઓએ નિયત નમૂનામાં અરજીપત્રક સીનીયર કોચ, જિલ્લા રમતગમત પ્રશિક્ષણ કેન્દ્ર, સેકટર-૨૧, ગાંધીનગર ખાતેથી મેળવી રમતને અનુરૂપ કચેરીને તા. ૨૩મે, ૨૦૧૨ સુધીમાં મોકલી આપવાના રહેશે. વધુ માહિતી વેબસાઈટ www.sycd.gujarat.gov.in ઉપર તેમજ ફો નં. ૦૭૯-૨૩૨૪૧૧૮૦ પર સંપર્ક કરી શકાશે તેમ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# 'વિદ્યાનગરીનું ગૌરવ'

હિંમતનગર, તા.૧૮

માર્ચ ૨૦૧૨માં લેવાયેલી ધોરણ-૧૨ એચ.એસ.સી.ની પરીક્ષામાં હિંમતનગર ખાતે આવેલ વિશ્વ મંગલમ કેળવણી મંડળ સંચાલિત આદર્શ હાયર સેકન્ડરી સ્કૂલ ઓફ સાયન્સનું પરિણામ ૯૦.૯૫ ટકા આવ્યું છે. શાળાના વિદ્યાર્થીઓ અંજલિ જોષીયારા, નિમિત રાઠોડ અને અક્ષય રાઠોડે ઉંચા પ્રાપ્તાંક સાથે ઉત્તીર્ણ થઈ શાળા અને સમાજનું ગૌરવ વધાર્યું છે.

શાળાનું ગૌરવ વધારવા બદલ સંસ્થાના પ્રમુખ ડી.એલ. પટેલ મંત્રી મહેન્દ્ર પટેલ, નિયામક આર.બી. રાવલ, સ્કૂલ ઓફ સાયન્સના આચાર્ય તુલસીભાઈ વ્યાસ, આબીદભાઈ સહિત સર્વે શાળા પરિવારે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતાં.

# દીવાબેનના હૃદયમાં ફૂટેલી સેવાની સરવાણીએ ખળખળતી સરિતાનું સ્વરૂપ લીધું



## આગવો માણસ - આપણો માણસ

gsrelation@yahoo.com

- કિશોર જીકાદરા

૬૫ વર્ષનાં એક માજી પોતાનું ગૃહકાર્ય આટોપીને સવારે ૯-૩૦ વાગે અને સાંજે ૫-૦૦ વાગે બેવાર નિયમિત રીતે હાથમાં બે-ચાર વજનદાર થેલા લઈને ઘરેથી નીકળી પડે છે. થેલમાં કપડાં ધોવાના સાબુ, વાસણ ધોવાના સાબુ, ફિનાઈલ, હિંગ, પાપડ વિગેરે ભરેલાં હોય છે. લગભગ ૧૫ થી ૨૦ કિલો જેવું તો વજન ખરું જ! પ્લૉટ નં. ૧૦૧/૧ માંથી પોતાના જ સૅક્ટર-૪માં ઘરે-ઘરે તેઓ આ ચીજ વસ્તુઓ વેચવા માટે ફરે છે, તો ક્યારેક બાજુના સૅક્ટર-૩ ન્યૂ, ૫, ૬, ૨ કે ૧૨ સુધી પણ ચાલતાંચાલતાં જાય છે. તેમનો આ નિત્યક્રમ છે. શિયાળાની ઠંડી, ઉનાળાની ગરમી કે ચોમાસાનો વરસાદ તેમના આ નિત્યક્રમને ફેરવી શક્યા નથી કે અટકાવી શક્યા નથી. આ માજી તમામ વસ્તુઓ બજારમાંથી વેચાતી લે છે અને વાજબી નફો ચઢાવીને વેચે છે. મહિને સરેરાશ લગભગ ચાર પાંચ હજાર રૂપિયાના વેચાણમાંથી ૫૦૦થી ૧૦૦૦ રૂપિયા જેટલો નફો કમાઈ લે છે.

શહેરોમાં આવાં દશ્યો હવે નવાં નથી રહ્યાં. ઘર ચલાવવા માટે એક કમાણી ઓછી પડે ત્યારે ઘરખર્ચના બે છેડા ભેગા કરવા ગૃહિણીએ ઘર બહાર નીકળવું જ પડે છે. આવા પ્રામાણિક પ્રયત્નો સદૈવ વંદ્ય હોવા ઘટે! પણ અહીં સવાલ એ છે કે આવી કારમી મોંઘવારીમાં હજાર પાંચસો રૂપિયાનું શું ગજું? વિષય ચિંતાનો છે એટલો જ ચિંતનનો છે. કંઈક આવી જ ચિંતાએ મને પણ એ માજીને મળવા માટે મજબૂર કર્યો. હું તેમને મળવા તેમના ઘેર ગયો અને જે દશ્ય મેં જોયું તે તો મારી સમજણને પણ ચકરાવે ચઢાવે તેવું હતું!

ચિંતીત થવાને બદલે ચકિત થવાનો વારો હવે મારો હતો! આ માજી તો આલીશાન બંગલાના માલિક હતાં. પોતાના પૂરા પરિવાર સાથે ભર્યાભાદર્યા ઘરમાં તેઓ સુખચેનથી રહેતાં હતાં. ઘરનું રાચરચીલું તેમની દોમદોમ સાહ્યબીની ચાડી ખાતું હતું. આવા સંપન્ન પરિવારના મોભી જેવા માજીને ઘરેઘરે ફરીને ચીજવસ્તુઓ વેચવા માટે કઈ મજબૂરી હશે તે સમજવું મારે માટે જરૂરી હતું.

આ માજીનું નામ દીવાબેન ભગુભાઈ પટેલ. ડાહ્યા માણસો કહી ગયા છે કે દુખદ પ્રસંગો ભૂલી જવા. પણ અહીંયા આખી વાત સમજવા માટે સને ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીએ ગુજરાતમાં આવેલ વિનાશક ભૂકંપ અને તેની દિલ વિદારક યાદો સુધી જવું જ પડે તેવું હતું! ભૂકંપો ક્યારેક પૃથ્વીના નકશાને ફેરવી નાંખે છે તો ક્યારેક માનવીના દિલને! કુદરેત દીવાબેનને ઘણી સુખસુવિધા અને સમૃધ્ધિ આપ્યાં હતાં પણ અન્યને મદદરૂપ થઈ શકાય તેવો અભિનવ ખ્યાલ તો તેમને ભૂકંપે જ પૂરો પાડ્યો. ઠેરઠેર રાહત કેમ્પો અને રસોડાં જોઈને દીવાબેનનું માતૃહૃદય દ્રવી ઊઠ્યું. વિચારોએ કોમળ વળાંક લીધો, દિલમાંથી સેવાની સરવાણી ફૂટી. તેમના ઘર પાસે ચાલતાં રસોડામાં પોતાનાથી થઈ શકે તેટલી તન-મન-ધનથી સેવા કરી. તેવામાં એક બીજો પ્રસંગ બન્યો. જીઈબીમાં લાઈનમેનની નૉકરી કરતા દીવાબેનના જમાઈથી એકવાર ગફલત થઈ ગઈ. વીજળીનો આંચકો લાગ્યો. ગંભીર રીતે ઘવાયા. સિવિલ હૉસ્પિટલના એક સ્ટાફ નર્સ જશોદાબેન પરમાર તેમની પાડોશમાં રહેતાં. ફ્લોરેન્સ નાઈટીંગેલના બીજા અવતાર સમા આ નર્સબેન દીવાબેનના જમાઈને ડ્રેસીંગ કરવા રોજ આવે. એ સેવાભાવી નર્સની આર્થિક સ્થિતિ કંઈ સધ્ધર નહીં છતાં રોજ મફત ડ્રેસીંગ કરી આપે. આ બહેનને કઈ રીત મદદ કરી શકાય તે દિશામાં દિવાબેને વિચારવાનું ચાલુ કર્યું. અને આજે જે પ્રવૃત્તિ દીવાબેન કરી રહ્યા છે તેનું વિચારબીજ ત્યારે વવાયું. એ સ્ટાફ નર્સના ઘરખર્ચમાં મદદરૂપ થઈ શકાય તે માટે આપણાં દીવાબેને ઘરેઘરે ફરીને સાબુ વેચવાનું શરૂ કર્યું. આ આખા આયોજનથી થતી કમાણી તેઓ જશોદાબેનને આપતાં રહ્યાં. ઉપકારનો બદલો ઉપકારથી જ ચૂકવવાની દીવાબેનની આ આગવી પધ્ધતિ ધીરે ધીરે રોજિંદા નિત્યક્રમમાં ફેરવાઈ ગઈ. સેવાના લાભાર્થી જોકે બદલાયા પણ સેવાની સરવાણી અસ્ખલિત રીતે વહેતી જ રહી. એક માનવી બીજા માનવીને આ રીતે કામક આવી શકે તેવો તો દીવાબેનને સ્વપ્નેય અંદાજ નહોતો. ખેર! ભૂકંપ અને તેની વરવી યાદો હવે વધુ વાગોળવી નથી પણ દીવાબેનના હૃદયમાં ફૂટેલી સેવાની સરવાણીએ ખળખળતી સરિતાનું સ્વરૂપ કેવી રીતે લીધું તે તો જોવું જાણવું જ રહ્યું! પતિ શ્રી ભગુભાઈ, એક પુત્ર, બે પુત્રીઓ, પુત્રવધૂ અને તેનાં બે બાળકો સાથે કિલ્લો કરતા આ બહોળા અને સંપન્ન પરિવારના મોભી એટલે આપણાં દીવાબેન! ભગવાને આપેલું બધું જ તેમની પાસે. છતાં પણ ઈતર પ્રવૃત્તિ દ્વારા કમાયેલી મૂડીથી સમાજસેવા કરવાનો નિશ્ચય આજેય એવો ને એવો જ અકબંધ રહ્યો છે. અગાઉના પ્રસંગોએ તેમનામાં જાગેલી સેવાની જ્યોત હજીય એવી ને એવી જ જલતી રહી છે. એક હાથથી કરેલ દાનની જેમ બીજા હાથને ખબર ન પડે તેવી સાહજિકતાથી દીવાબેન આ કાર્ય કરી રહ્યાં છે. કોઈ પૂછે અને પોતે સ્પષ્ટતા કરે તો જ બીજો જાણી શકે. સેવાનો આ એકડો તેઓએ કઈ શાળામાં ઘૂંટ્યો હશે?

પોતાને ભાગે આવતું ગૃહકાર્ય દીવાબેન સમયસર આટોપી લે છે. સવારે ૯-૩૦થી ૧૨-૨૦ અને સાંજે ૫-૦૦થી ૭-૦૦ દરમિયાન ઘરેઘરે ફરીને સાબુ, પાવડર, ફિનાઈલ, હિંગ, પાપડ અને દિવાળીના પર્વ દરમ્યાન મઠિયા અને ચોળાફળી વેચવાની દિવાબેનની પ્રવૃત્તિ સને ૨૦૦૧થી આજદિન સુધી નિયમિત રીતે ચાલી રહી છે.

મેં પૂછ્યું તો નથી, પણ લાગ્યું છે કે દીવાબેન બહુ ભણેલા તો નહીં જ હોય, છતાં જીવનને ઉજાળવાનું એમનું ગણિત તો જુઓ! ઘરેઘરે ફરીને કમાયેલા આ નફામાંથી એક પાઈ પણ પોતાના ઘર માટે નહીં વાપરતાં પૂરેપૂરી રકમ તેઓ ધર્માદા પેટે વાપરે છે. સમર્પણ મૂકબધિર શાળા, સૅક્ટર-૧૬ની અંધશાળા, સૅક્ટર-૬નો ક્ષિપ્રા વૃધ્ધાશ્રમ, પેથાપુરનો કૈલાસધામ વૃધ્ધાશ્રમ અને સરગાસણની માનવસ્મૃતિ વિશિષ્ટ વ્યક્તિઓની શાળા દીવાબેન માટે ધર્માદાનાં ઉત્તમ માધ્યમો છે. અનુકૂળતા પ્રમાણે કોઈ સંસ્થાને શિયાળામાં ગરમ વસ્ત્રો, ધાબળાં, સ્વેટર્સ અને સ્કાર્ફ તો ઉનાળામાં કોઈ સંસ્થાને પગરખાં પણ તેઓ આપી આવે છે. આ રીતે નફાની રકમનો ઉપયોગ તેઓ ફક્ત અને ફક્ત સેવાકીય પ્રવૃત્તિ માટે જ કરે છે. આજે તો વગર મહેનતે લોકોને લાખોપતિ-કરોડપતિ થવું હોય છે. આ માટે અવળે રસ્તે ચાલતાં પણ માણસ અચકાતો નથી ત્યારે માણસાઈની ગરિમાને ઉજાગર કરતી એક સામાન્ય ગૃહિણી અને એનું કામ તો જુઓ!

આ કામમાં દીવાબેનને તેમના પતિ શ્રી ભગુભાઈનો સંપૂર્ણ સહકાર મળે છે તેવું કહેતા આ હિન્દુ નારી પુલકિત થઈ ઊઠે છે. સૌથી પહેલું સેવાનું કામ તેઓએ પક્ષીઓ માટે એક ચબૂતરો બનાવી આપવાનું કરેલું. ત્યાર પછી સૅક્ટર-૩ સીના અંબાજી માતા મંદિરમાં પાણીની ટાંકી અને પાણીની પરબ બંધાવી આપી હતી. વરિષ્ઠો અને થાકેલા રાહદારીઓને બેસવા માટે એકાદ બે જગ્યાએ બાંકડા મૂકાવ્યાની વાત પણ વાતવાતમાં તાજી થઈ. પ્રસિદ્ધિ માટે સદાય ટળવળતા સમાજસેવકોના આ શહેરમાં દીવાબેનની નમ્રતાની વાત અનોખી જ છે. તેઓ કહે છે કે તેમની આ પ્રવૃત્તિ એ કંઈ જાહેરાતનું ભૂંગળ નથી. કોઈ જાણે કે ન જાણે, તેમની આ પ્રવૃત્તિ તેમની રીતે ચાલુ જ રહેવાની છે. તેમને પ્રસિધ્ધિનો લેશમાત્ર મોહ નથી. ત્યાં સુધી કે આ કૉલમમાં તેમના શબ્દચિત્ર આલેખનની પરવાનગી માટે તેમને હું મહામહેનતે રાજી કરી શક્યો છું. છે ને એક ગુર્જર નારીની ગરવી વાત? માનવીય મૂલ્યોનો જ્યારે દિન પ્રતિદિન હ્રાસ થતો રહ્યો છે ત્યારે સમાજને આવા એક નહીં, અનેક દીવાબેનની જરૂર છે. જાગો બેનો જાગો!

**સુભાષિત**

પરોપકારાય વહંતિ નદ્યઃ,
પરોપકારાય ફલંતિ વૃક્ષઃ,
પરોપકારાય દુહંતિ ગાવઃ,
પરોપકારાય સતાંવિભૂતયઃ।

## જીવનને ઉજાળવાનું એમનું ગણિત તો જુઓ ! ઘરેઘરે ફરીને કમાયેલા નફામાંથી એક પાઈ પણ પોતાના ઘર માટે નહીં વાપરતાં પૂરેપૂરી રકમ તેઓ ધર્માદા પેટે વાપરે છે